ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ઉત્પાદન કરવામાં આવતા Take Home Ration (THR) માં ભાવ વધારો આપવા બાબત તેમજ THR ના ઉત્પાદનમાં થતા Wheat Loss માટે ૧૧.00% પ્રમાણે મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૭-૧૦૮૮-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯-૦૪-૨૦૨૨

વંચાણે લિધા:

૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૯-૦૮-૨૦૧૭ નો ઠરાવ ક્ર. આઇસી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ

૨) નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), GCMMF અને Kaira District Co-Operative Milk Producers Union Ltd. વચ્ચે કરવામાં આવેલ તા.૦૬-૦૯-૨૦૧૭ નો THR ના ઉત્પાદન અને વિતરણ કરવાનો એગ્રીમેન્ટ

3) GCMMF ની તા.૦૮-૦૬-૨૦૨૧, તા.૦૨-૦૯-૨૦૨૧ અને તા.૧૨-૧૦-૨૦૨૧ ની દરખાસ્તો

આમુખ:

વંચાણે લીધા ક્ર.(૧) પરના ઠરાવથી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો મારફત સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ૬ માસથી ૩ વર્ષના બાળકો અને ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો તેમજ સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને Take Home Ration (THR) પુરુ પાડવા માટેની મંજુરી આપવામાં આવેલ. સદર ઠરાવના અનુસંધાને વંચાણે લીધા ક્ર.(૨) થી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), GCMMF અને Kaira District Co-

Operative Milk Producers Union Ltd. વચ્ચે Tripartite Agreement કરવામાં આવેલ છે.

સદર ઠરાવ અને અગ્રીમેન્ટની જોગવાઈઓ મુજબ THR તરીકે ઉત્પાદન કરવામાં આવતા બાલશક્તિના રૂ.૪૮/- પ્રતી કીલોગ્રામ (Excluding GST & Transportation Cost) ભાવ તેમજ માતૃશક્તિ અને પુર્ણાશક્તિના રૂ.૫૪/- પ્રતી કીલોગ્રામ (Excluding GST & Transportation Cost) ભાવ મંજુર કરવામાં આવેલ. તેમજ THR માટે કરવામાં આવેલ Tripartite Agreement ના Article 2.2 ની જોગવાઇ મુજબ " 8% moisture loss and 1% foreign material loss cumulatively resulting in 9% process loss shall be permissible to the Manufacturer (Dairy Union) for processing Wheat for preparation of THR. i.e. total 9% process loss shall be permissible and shall be replaced by Wheat."

વંચાણે લીધા ક્ર.(૩) ના પત્રોથી GCMMF દ્વારા મોંઘવારીના કારણે THR ના ઉત્પાદનમાં વપરાતા રીફાઇન્ડ પાલ્મ તેલ, સોયાના લોટ અને મકાઇના લોટના ભાવોમાં નોંધપાત્ર વધારો થતા એગ્રીમેન્ટમાં નક્કી કરેલ ભાવોમાં વધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

GCMMF ની ઉપરોક્ત રજુઆતો અન્વયે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ઠરાવ:

GCMMF દ્વારા ઉત્પાદીત કરવામાં આવતા બાલશક્તિ, માતૃશક્તિ અને પુર્ણાશક્તિ ના THR માં નીચે મુજબના A, B & C કોષ્ટકો પ્રમાણે આથી ભાવ વધારો મંજુર કરવામાં આવે છે.

(A) જૂન ૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી:

| વિગત | હાલના મંજુર ભાવ ( in Rs./kg) | જૂન ૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીનો ભાવ વધારો ( in Rs./ kg) |
|---|---|---|
| બાલશક્તિ | 48 | 52 |
| માતૃશક્તિ અને પુર્ણાશક્તિ | 54 | 60 |

Spatel

(B) ઓક્ટોબર-2021 થી માર્ચ 2022 સુધી:

| વિગત | હાલના મંજુર ભાવ ( in Rs./kg) | ઓક્ટોબર-2021 થી માર્ચ 2022 સુધી ભાવ વધારો ( in Rs./ kg) |
|---|---|---|
| બાલશક્તિ | 48 | 57.6 |
| માતૃશક્તિ અને પુર્ણાશક્તિ | 54 | 67.5 |

(C) એપ્રીલ-2022 થી આગળ:
(w.e.f. MDO April'22 onwards)

| વિગત | હાલના મંજુર ભાવ ( in Rs./kg) | એપ્રીલ-2022 થી આગળ ( in Rs./ kg) |
|---|---|---|
| બાલશક્તિ | 48 | 60.50 |
| માતૃશક્તિ અને પુર્ણાશક્તિ | 54 | 70.90 |

૨) THRના પ્રોડક્શનમાં થતા Wheat Loss માટે, એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૨ સુધી THRના પ્રોડક્શનમાં થતા Wheat Loss માટે ૧૧.00% પ્રમાણે મંજુરી આપવામાં આવે છે, તેમજ હવે પછીથી THRના પ્રોડક્શનમાં થતા Wheat Loss ની ટકાવારી ૧૧.00% રાખવાની પણ આથી મંજુરી આપવામાં આવે છે. સદર બાબતે નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ THR માટે થયેલ એગ્રીમેન્ટના આર્ટીકલ ૨.૨ માં Wheat Loss માટે ૯% ને સ્થાને ૧૧% મુજબની જોગવાઇ કરાવતો સુધારો કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૨-૦૪-૨૦૨૨ ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ
- શાખા સિલેક્ટ ફાઇલ